# મોડાસામાં મહોરમ પર્વે કોમી એખલાસ સાથે સદભાવના સંદેશ







## રથયાત્રા સમિતિએ તાજીયા કમીટીના સદસ્યોનું સ્વાગત કર્યું : જુલુસમાં ભારે ભીડ

મોડાસા, તા. ૨૪

મુસ્લીમ સમાજમાં તહેવાર તરીકે મનાવાતુ મહોરમ પર્વ શનિવારે મોડાસા શહેરમાં મુસ્લીમ બિરાદરોએ તાજીયા રૂપી સરઘસ કાઢી ખુદાની બંદગી કરી મનાવવામાં આવ્યો હતો. મોડાસા શહેરમાં શનિવારે તાજીયાનું મોડાસા નગરમાં કસ્બા સમાજ દ્વારા જુલુસ નિકાળી મોડાસા શહેરના મુસ્લીમ વસ્તારના માર્ગો પર ફેરવવામાં આવ્યું હતું. તાજીયા ઝુલુસમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. મોડાસા રથયાત્રા સમિતિ દ્વારા ઘોરીઓના ચોકમાં તાજીયા કમીટીનું સ્વાગત કરવામાં આવતા કોમી-એખલાસના દશ્યો સર્જાયા હતા.

મહોરમના દસ દિવસ એટલે કે આશારૂના દિવસ હજરત મહમંદ પયંગબર સાહેબના નવાસા હજરત હુસેન સાહેબ સચ્ચાઈ અને ન્યાય સામેની લડાઈમાં શહીદ થયા હતા.જેને મુસ્લીમ સમાજ દ્વારા દસ દિવસ સુધી માતમ મનાવવા સાથે રોજ મરાશીયા ગાવામાં આવે છે. દસમા દિવસે રોઝા રાખી ઈબાદત કરવામાં આવે છે. મહોરમના દસમા દિવસે મોડાસા નગરમાં પરંપરાગત રીતે તાજીયા જુલુસ નિકાળવામાં આવ્યું હતું. કસ્બા જમાત દ્વારા કાઢવામાં આવતા તાજીયા ઝુલુસમાં 'યા હુસેન'ના ગગનભેદી નારા સાથે મોટી સંખ્યામાં મોડાસા ઉપરાંત મેઘરજ, માલપુર, ટીંટોઈ, ધનસુરા શહિતના મુસ્લીમ બિરાદરો જોડાયા હતા. શનિવારે મોડાસા નગરમાં પરંપરાગત રીતે યોજાતા તાજીયા ઝુલુસનું રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેષ જોષી, રમેશભાઈ કડીયા, ભરત ભાવસાર, નિતિન પંડ્યા, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મોડાસાના મેયર એસ. આર. પટેલ, ડીવાયએસપી કે.એફ. બડોલીયા, મોડાસા ટાઉન પી.આઈ. મોદી સહિતના અધિકારીઓ પદઅધિકારીઓ દ્વારા ઘોરીઓના ચોકમાં કસ્બા જમાતના પ્રમુખ મા. યાસીન બેલીમ અને સેક્રેટરી બાબુભાઈ સહીત તાજીયા કમિટિનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર મનસુર બેલીમ દ્વારા હિન્દુ સમાજના અગ્રણીઓ અને રથયાત્રા સમિતિના સભ્યોનો આભાર માન્યો હતો.

મોડાસા શહેરમાં પરંપરાગત રીતે નીકળતા તાજીયા જુલુસમાં આજે નવોરૂપરંગ આપી ૨૭ લાખ રૂપિયાના ખર્ચે ચાંદીથી મઢવામાં આવતા તાજીયાનો નજારો અદભૂત હતો. તાજીયા ઝુલુસમાં ૯૬ વર્ષના અખાડા ઉત્સાદ અબ્દુલમીયા જમાદાર સહિત સંખ્યાબંધ અખાડાબાજોએ અચરજભર્યા કરતબો કર્યા હતા.

## પ્રાંતિજમાં ભવ્ય તાજીયા જુલુસ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શનિવારના રોજ બારકોટ અને પઠાણવાડામાંથી મુસ્લિમ બિરાદરો દ્વારા તૈયાર કરાયેલા તાજિયા મોહરમ પર્વ નિમિત્તે નીકળ્યા હતા. તડામાર તૈયારીઓ કરી ભવ્ય તાજીયા કલા કસબીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા. પ્રાંતિજ મેનબજારમાંથી પસાર થઈને નિયત કરેલ જગ્યાએ તાજિયા ઉભા રાખવામાં આવ્યા હતા.

ઈસ્લામ ધર્મના મહાન પયંગબર મોહમંદ સાહેબના દોહિત્ર ઈમામ હુસેન તથા ૭૨ સાથીદારો શહાદતની યાદગીરીમાં મુસ્લિમ સમાજના વિસ્તારોમાં તાજિયા કમિટીઓ દ્વારા તાજિયા બનાવડાવી નવ અને દસમાં દિવસે મહોરમના દિવસે પ્રાંતિજના બજારમાં તાજિયા જુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં મુસ્લિમ-હિન્દુઓ સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. આ દિવસે માતમના દિવસ તરીકે મનાવવામાં આવે છે. જુલુસના માર્ગમાં ઠેર ઠેર પાણીની પરબો તથા શરબતના સબાલનું આયોજન લોકો દ્વારા આયોજન કરવામાં આવેલું અને જુલુસ સાથે રફાઈના વિવિધ પ્રકારના કરતબો રજુ કરવામાં આવેલા. જેમાં મોટી સંખ્યામાં હિન્દુઓએ પણ જોડાઈને પોતાના બાધા-આખડીઓ પૂર્ણ કરેલી અને દોરા બંધાવેલ. આજુબાજુના ગામડાઓમાંથી પણ જુલુસ જોવા ગ્રામજનો ઉમટી પડ્યા હતા. પ્રાંતિજ પી.આઈ. ભરત પટેલ દ્વારા શંકાશીલ વિસ્તાર અને જુલુસ નિકળવાના સ્થળો ઉપર ચુસ્તપણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જ્યારે આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, રઈશભાઈ કસ્બાતી, જયસિંહ ચૌહાણ નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ ગામના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પઠાણવાડા તાજીયા કમિટીના સભ્યો દ્વારા દર વર્ષની જેમ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



## મજરા પાસે ટાયર સળગાવવા જતા પાંચ શખ્સોની પોલીસ દ્વારા અટકાયત

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા નેશનલ હાઈવે આઠ ઉપર ગઈ રાત્રીએ પાટીદાર સમાજના યુવાનો દ્વારા રોડ ઉપર ટાયર સળગાવવાનો પ્રયાસ કરતા પોલીસે રંગેહાથે ઝડપી લીધા હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ સાબર કોલેજ પાસે પાટીદાર સમાજના યુવાનો દ્વારા પાટીદાર આંદોલનના હાર્દિક પટેલ સહિત અન્ય બે કન્વીનરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવતા તેના વિરોધમાં હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ મજરાના પાટીદાર યુવાનો દ્વારા નેશનલ આઠ ઉપર ટાયરો સળગાવા જતા રોડ ઉપર એસોજી હિંમતનગર દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન રંગેહાથે ઝડપાઈ ગયા હતા. જેથી ગેરકાયદેસર અવરોધ ઉભો કરી વાહનો રોકવાનો તથા નેશનલ હાઈવે આઠ ઉપર ચક્કાજામ કરવો તથા રોડને નુકશાન કરવાના અર્થે તથા ગેરકાયદેસર મંડળી બનાવી રાત્રીના સમયે હાથમાં લાકડીઓ લઈ કલેક્ટરના જાહેરનામાનો ભંગ જાહેરમાં કરતાં રંગેહાથે પાંચને પકડી પાડ્યા હતા અને ફરીયાદી મહાવીરસિંહ મહેન્દ્રસિંહ સોલંકી પો. ઈન્સ્પેક્ટરની એસોજી હિંમતનગરના ફરીયાદના આધારે પાંચ આરોપીઓની સ્થળ ઉપર અટકાયત કરી છે. જેમાં જયદિપકુમાર (ઉર્ફે જે.પી.), પ્રવિણભાઈ શંકરભાઈ પટેલ, કુંદર્પકુમાર વિનોદભાઈ શાંકાભાઈ પટેલ, નૈમેષભાઈ કિર્તીભાઈ ચતુરભાઈ પટેલ, અંકિતકુમાર જશવંતભાઈ પશાભાઈ પટેલ, હર્ષદકુમાર સુરેન્દ્રભાઈ શંકરભાઈ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે મૌલિક બિપીનભાઈ પટેલ, યોગેશભાઈ ભગાભાઈ પટેલ, મૌલિક (ઉર્ફે ભુરો) પ્રવિણભાઈ, રાજેશભાઈ શંકરભાઈ પટેલ, અભિષેક શૈલેષભાઈ પટેલ, અંકિત ગિરીશભાઈ પટેલ તમામ રહે. મજરા ભાગી છુટ્યા હતા.

## પાલનપુરમાં કોમી એખલાસના માહોલમાં ભવ્ય તાજીયા જુલુસ



પાલનપુર, તા. ૨૪

ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.)ના દોહિત્ર (નવાસા) હઝરત ઈમામ હુસેન તથા તેમના ૭૨ સાથીઓએ માનવતાના મુલ્યો તથા શાશ્વત મૂલ્યોને બચાવવા વહોરેલી શહાદતની યાદમાં દર વર્ષે યવમે આસુરા અને તાજિયાના જુલુસ કાઢવામાં આવે છે.

પાલનપુરમાં આજે મુસ્લિમ સમાજ દ્વારા માતમના પર્વ મહોરમ નિમિત્તે તાજીયા નીકાળી શહાદતને યાદ કર્યા હતા. જે પ્રસંગે શહેરના તીનબત્તીથી નાની બજાર થઈ કમાલપુરા સુધી તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યા હતા. શહેરના તાજીયામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. મુસ્લિમ અકીદત મંદોના 'યા હુસેનના નારા'થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મહોરમ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ નવાબના વંશજો દ્વારા તીનબત્તી વિસ્તારમાંથી સરકારી તાજીયાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જ્યારે પરંપરાગત મુજબ યોજાતા તાજીયાફા બાદ જુલુસ સાંજે કમાલપુરા વિસ્તારમાં તાજીયા ઠરાવવામાં આવ્યા હતા અંતે કોમી એખલાસના માહોલ સાથે તાજીયા જુલુસ સુખરૂપ સંપન્ન થયું હતું.

## બનાસ ડેરીની ચૂંટણીની નવા સિમાંકનની રીવીઝન અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી

### ચૂંટણી નવા સિમાંકન મુજબ જ કરવાનો પરથીભાઈનો દાવ નિષ્ફળ : હાઈકોર્ટ બાદ સુપ્રિમ કોર્ટે પણ જૂના સિમાંકન મુજબ ચૂંટણી યોજવાનો આદેશ કર્યો

પાલનપુર, તા. ૨૪

એશીયામાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી બનાસ ડેરીની ચૂંટણીને લઈ થયેલા ભારે વિવાદ બાદ હાલમાં હાઈકોર્ટના આદેશથી વહીવટદારની નિમણુંક કરાયેલી છે. જો કે, આ દરમ્યાન બનાસ ડેરીના વ્યવસ્થાપક મંડળની ચૂંટણી નવા સિમાંકન (બ્લોક વાઈઝ) મુજબ કરાવી ફરીથી સત્તા હસ્તગત કરવાની પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળની મેલી મુરાદ પર પાણી ફરી વળ્યું છે. પરથીભાઈએ કરેલી રીવીઝન અરજી હાઈકોર્ટ બાદ સુપ્રિમ કોર્ટે પણ ફગાવી દેતા પરથીભાઈના પગ નીચેથી જમીન સરકી જવા પામી છે.

ધી બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસ ડેરી)ના વ્યવસ્થાપક મંડળની ચૂંટણીને લઈ છેલ્લા ચારેક માસથી વિવાદ ચાલી રહ્યો છે. જેમાં બનાસ ડેરીમાં ૨૫ વર્ષથી એક હથ્થુ શાસન ચલાવતા તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ સામે કરોડો રૂપિયાના ભ્રષાટાચારના આક્ષેપો તેમજ સત્તા ટકાવી રાખવા ચૂંટણીની મતદાર યાદી પોતાની રીતે કરાવી નવું સિમાંકન તૈયાર કરાવ્યું હોવાના આરોપ સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી બન્ને મુદ્દે વ્યાપક તપાસની માંગ કરાઈ હતી. જેની સામે પરથીભાઈએ ચૂંટણી નવા સિમાંકન મુજબ યોજવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેના અનુસંધાને હાઈકોર્ટે ભ્રષ્ટાચારની તપાસ જિલ્લા રજીસ્ટારને સોંપી હતી. જ્યારે આ દરમ્યાન ડેરીની મુદત પૂર્ણ થતાં વહીવટદારની પણ નિમણુંક કરવાનો આદેશ કર્યો હતો.જ્યારે પરથીભાઈ ભટોળે નવા સિમાંકન મુજબ ચૂંટણી યોજવા માટે હાઈકોર્ટમાં કરેલી અરજી પણ હાઈકોર્ટે ફગાવી દઈ જૂના સિમાંકનને માન્ય રાખ્યું હતું.

જેથી હાઈકોર્ટના આદેશથી નારાજ થઈ પરથીભાઈએ ગમે તે રીતે સત્તા હસ્તગત કરવા બનાસ ડેરીની ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે જ થાય તે માટે સુપ્રિમ કોર્ટમાં રીવીઝન અરજી દાખલ કરી હતી. ત્યારે સુપ્રિમ કોર્ટે સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે કરેલા આદેશને માન્ય રાખી પરથીભાઈની રીવીઝન અરજી ફગાવી દઈ ચૂંટણી જૂના સિમાંકન મુજબ જ યોજવાનો હૂકમ કર્યો હતો.



મોડાસાના હનુમાન ચોકમાં સોસાયટી નગર વિકાસ મિત્ર મંડળ દ્વારા સતત ૩૩ વર્ષથી યોજાતા નવરાત્રી મહોત્સવમાં રાજ્યના જાણીતા ઈન્ટરનેશનલ કાર્ડિયોલોજીસ્ટ અને મોડાસાના પનોતા પુત્ર ડૉ. રશ્મીતભાઈ પંડ્યાનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોડાસાના અને જિલ્લાના ગરીબ દર્દીઓ અને જરૂરીયાતમંદ દર્દીઓ માટે પોતાના વતનનો ઋણ અદા કરવા તબીબી સેવાનો લાભ આપવા સતત પ્રયત્નશીલ રહેતા તબીબનો સન્માન કાર્યક્રમમાં મોડાસા સોસાયટી નગર વિકાસ મિત્ર મંડળના પ્રમુખ હિતેન્દ્રભાઈ જોષી, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી અને મંડળના સદસ્યો હાજર રહ્યા હતા.

## રાયગઢ નજીક અજાણ્યા વાહનની ટક્કરે બે બાઈકસવારના કરૂણ મોત

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે ૮ પર આવેલા રાયગઢ નજીક આવેલા જવાનપુરા પાટીયા પાસે શનિવારે સવારના સુમારે અજાણ્યા વાહન ચાલકે આગળ જઈ રહેલી બાઈકને પાછળથી ટક્કર મારતાં બાઈક પર સવાર બન્ને યુવાનોને શરીર અને માથાના ભાગે ગંભીર રીતે ઈજાઓ પહોંચતા બન્નેના ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. અકસ્માત ઘટનાની જાણ થતાં ગાંભોઈ પોલીસ ઘટના સ્થળે પહોંચી અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર તાલુકાના રાયગઢ નજીક આવેલા જવાનપુરા પાટીયા પાસે શનિવારે સવારના સુમારે પસાર થતા બાઈક નંબર (જીજે-૯.એફ. ક્યુ. ૯૪૪૮)ને કોઈ અજાણ્યા વાહને પાછળથી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતાં બાઈક સવાર બન્ને ઈસમો રોડ પર પટકાતા બંને યુવાનોને શરીર અને માથાના ભાગે ગંભીર રીતે ઈજાઓ પહોંચતા બન્નેના ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યુંહતું. અકસ્માત ઘટનાની જાણ થતા ગાંભોઈ પોલીસે પ્રતાપસિંહ માનસિંહ ચૌહાણની ફરીયાદને આધારે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ અકસ્માતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





ખેડબ્રહ્મા શહેરમાં નવરાત્રી પૂર્ણ થતા દશેરાના પર્વે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. ખેડબ્રહ્માના રામેશ્વરનગરના નાના-નાના ભુલકાઓએ રાવણ તૈયાર કરી તેનું દહન કર્યું હતું. બાળકોએ અંદાજે ચાર ફૂટ જેટલા રાવણની પ્રતિકૃતિ બનાવી હતી. આ કાર્યક્રમમાં સોસાયટીના રહિશો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## શામળાજી પોલીસે ૩૫.૪૯ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

અરવલ્લી જિલ્લાના પવિત્ર યાત્રાધામ શામળાજી નજીક નેશનલ હાઈવે-૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસે ત્યૌહારોને ધ્યાનમાં રાખી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં શુક્રવારે રાજસ્થાન તરફથી આવતી ટ્રકને અટકાવી તલાશી લેતાં ટ્રકમાંથી માટીના કોથળા નીચે સંતાડીને ગુજરાત રાજ્યમાં ઘુસાડાતો ૩૫.૪૯ લાખનો વિદેશી દારૂ સહિત ટ્રક અને મુદ્દામાલ સાથે ૪૫,૪૯,૬૦૦નો જથ્થો ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી હતી. શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે રતનપુર આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી નં. એચઆર૪૭.બી.૨૬૯૩) શંકાસ્પદ જણાતાં પોલીસે અટકાવી ટ્રકની અંદર તલાશી લેતાં તાડપત્રીના નીચે માટીના કોથળાની નીચે સંતાડીને લઈ જવાતો ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની ૬૩૬ પેટી કિંમત રૂ. ૩૫,૪૯,૬૦૦ સાથે ટ્રકની કિંમત અને મુદ્દામાલ સહિત ૪૫,૪૯,૬૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રકચાલકની ધરપકડ કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.